# **પ્રેસનોટ**

## **હજ ૨૦૨૬**

### **હજ ૨૦૨૬ માટે રેન્ડમ ડીજીટલ સીલેક્શન પધ્ધતિ દ્વારા હજ યાત્રિકોની પસંદગી તથા પસંદગી થયા બાદ એડવાન્સ હજ અમાઉન્ટ અને જરૂરી ડોક્યુમેન્ટ વિષે માહિતી**

ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષશ્રી ઈકબાલ સૈયદ અને સચિવશ્રી, આઈ. એમ. ઘાંચી એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવે છે, કે હજ ૨૦૨૬ માટે હજ કમીટી ઓફ ઈન્ડિયા, મુંબઈ ખાતેથી રેન્ડમ ડીજીટલ સીલેક્શન પધ્ધતિથી થયેલ ડ્રોમાં ગુજરાત રાજ્યમાંથી પસંદગી પામેલ તમામ ૫૭૧૭ હજ યાત્રિઓને અધ્યક્ષશ્રી ઈકબાલ સૈયદ તેમજ સમિતિના તમામ સભ્યો મુબારકબાદી પાઠવે છે.

પસંદગી પામેલ ૫૭૧૭ હજ યાત્રિઓનું લીસ્ટ ગુજરાત રાજ્ય હજ કમીટીની વેબસાઈટ https://gujarathajhouse.in/random-digital-selection પર મુકેલ છે.

હજ કમીટી ઓફ ઈન્ડિયા, મુંબઈનાં પરિપત્ર ૮ મુજબ પસંદગી પામેલા હજ યાત્રિકોએ એડવાન્સ હજ એમાઉન્ટ હાજીયાત્રી દીઠ રકમ રૂ. ૧,૫૨,૩૦૦/- નિયત કરેલ બેન્કમાં જમા કરાવવાના રહેશે. **જે તા. ૨૦-૦૮-૨૦૨૫ સુધીમાં** હજ કમીટી ઓફ ઈન્ડિયા, મુંબઈનાં એકાઉન્ટમાં નીચે મુજબ કોઈ એક પધ્ધતિથી જમા કરાવી શકાશે.

1. **ઓનલાઈન ચુકવણી** – હજ કમિટી વેબસાઈટ hajcommittee.gov.in અથવા "હજ સુવિધા" એપ દ્વારા ક્રેડિટ કાર્ડ / ડેબિટ કાર્ડ / નેટ બેંકિંગ મારફત.
2. **બેંક મારફતે ચુકવણી** – સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની કોઈપણ શાખામાં નિયત નમૂનાની પે-ઈન-સ્લિપમાં બેન્ક રેફરન્સ નંબરનો ઉલ્લેખ કરી ઉક્ત રકમ ભરી શકાશે.

ઉક્ત રકમ ભરી નીચે મુજબના ડોક્યુમેન્ટ ઓનલાઈન હજ કમીટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર તા. ૨૫-૦૮-૨૦૨૫ સુધીમાં અપલોડ કરવાનાં રહેશે. અથવા જિલ્લાના ફીલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનર - ૨૦૨૫ ની યાદી લિન્ક પર https://gujarathajhouse.in/trainers-2025 ને મુકેલ છે જ્યાં આપનાં જિલ્લામાં પણ આપ જમા કરાવી શકો છો. ઉપરાંત હજ હાઉસ, અમદાવાદ ખાતે પણ જમા કરાવી શકો છો.

1. હજ એપ્લીકેશન ફોર્મ (i)સોલેમન ડિક્લેરેશન અને (ii)પાસપોર્ટ ડિક્લેરેશન સહિત (નોંધ-ફોર્મની pdf લોગીન કરી નવી લેટેસ્ટ ડાઉનલોડ કરીને જરૂરી સાઈન કરીને અપલોડ/જમા કરાવવાની રહેશે.
2. પે-ઈન-સ્લીપની કોપી/ઓનલાઈન રીસીપ્ટ (HCoI Copy)
3. મેડિકલ સ્ક્રીનીંગ અને ફીટનેસ સર્ટીફીકેટ (હજ કમીટીની વેબસાઈટ પર આપેલ નિયત નમૂના મુજબ)

ઉક્ત કોઈ પણ પ્રક્રિયા કરવા માટે કોઈ પણ હજ યાત્રિકોને કોઈ પણ માર્ગદર્શન તથા મદદની જરૂરત પડે તો આપ આપનાં જિલ્લાના હજ કમીટી દ્વારા નિયુક્ત ફીલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનરનો સંપર્ક કરી મદદ મેળવી શકો છો. જિલ્લા વાઈઝ ફીલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનરની યાદી https://gujarathajhouse.in/trainers-2025 મુકેલ છે. તથા હજ હાઉસ, અમદાવાદ ખાતે સંપર્ક સાધી શકો છો.

**નોંધ- આથી દરેલ હજ યાત્રિકોને વિનંતી કરવામાં આવે છે કે એડવાન્સ હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને આપની પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજ્ય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં.**

---

ક્રમાંક:હજસ-૧૦૨૦૨૫/૨૬-૧૪૦૮-હ.સ.
ગુજરાત રાજય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૪-૦૮-૨૦૨૫

MMSaiyad

(મો. તલ્હા એમ. સૈયદ)
સેકશન અધિકારી,
ગુજરાત રાજય હજ સમિતિ

નકલ રવાના -

- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ,
- તમામ પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા.